દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૨૨ એપ્રિલ, ૨૦૨૬

પશ્ચિમ એશિયાના તનાવ વચ્ચે ભારતની વેપાર ખાધ વધુ પહોળી થઇ

ભારતની વેપાર ખાધ વધી રહી છે, જેનું મુખ્ય કારણ આયાતમાં થયેલો જંગી ઉછાળો છે. સોના-ચાંદીની ઊંચી માંગ અને તેલના વધતા ભાવને કારણે આયાત વધી છે, જ્યારે તેની સામે નિકાસમાં નબળી વૃદ્ધિ જોવા મળી છે. આયાત અને નિકાસ વચ્ચેનો તફાવત વધતા ભારતની વેપાર ખાધ પહોળી થઇ છે. વૈશ્વિક માંગમાં ઘટાડો, સપ્લાય ચેઇનની સમસ્યાઓ અને વધતા લોજિસ્ટિક્સ ખર્ચને કારણે નિકાસ અવરોધાઈ છે. નાણાકીય વર્ષ 2026 (FY26)માં વેપાર ખાધ 17.5% વધીને 333.2 અબજ ડોલર થઈ છે, કારણ કે વેપારી માલની આયાતમાં 7.5% નો વધારો થયો છે, જ્યારે નિકાસમાં માત્ર 0.9% ની વૃદ્ધિ થઈ છે.

ભારતની વેપાર ખાધ વધવા માટેના મુખ્ય કારણો આ મુજબ ગણાવી શકાય. ફેબ્રુઆરી 2026 માં આયાતમાં વાર્ષિક ધોરણે 24% નો વધારો થયો હતો. આ વધારા પાછળ મુખ્યત્વે કિંમતી ધાતુઓ (સોનું/ચાંદી) અને ક્રૂડ ઓઈલની આયાત જવાબદાર છે, જેના કારણે આયાત બિલ ખૂબ વધી ગયું છે. મોટા બજારોમાં માંગમાં ઘટાડો અને સપ્લાય ચેઇનમાં અવરોધોને કારણે નિકાસ પર દબાણ આવ્યું છે. ફેબ્રુઆરી 2026 માં નિકાસમાં 0.8% નો ઘટાડો થયો હતો. એશિયામાં સંઘર્ષને કારણે લોજિસ્ટિક્સ ક્ષેત્રે મોટા પડકારો ઉભા થયા છે અને નૂર તથા વીમા ખર્ચમાં વધારો થયો છે. આની અસર ખાસ કરીને UAE અને સાઉદી અરેબિયા ખાતેના શિપમેન્ટ પર પડી છે, જ્યાં માર્ચમાં નિકાસમાં અનુક્રમે 61.8% અને 45.6% નો ઘટાડો નોંધાયો હતો. અમેરિકી ટેરિફની પણ અસર થઇ છે. અમેરિકા દ્વારા ભારતીય સામાન પર લાદવામાં આવેલા કામચલાઉ ટેરિફને કારણે કપડાં અને એન્જિનિયરિંગ જેવા શ્રમ-સઘન નિકાસ ક્ષેત્રોને નુકસાન થયું છે અને તેમની સ્પર્ધાત્મકતા ઘટી છે. સસ્તું ક્રૂડ મેળવવાના પ્રયત્નો છતાં, વૈશ્વિક તેલના ઊંચા ભાવ અને વધતી જતી માંગને કારણે આયાત બિલ ભારે રહ્યું છે. ફેબ્રુઆરી 2026 માં ભારતની વેપારી માલની વેપાર ખાધ વધીને $27.10 અબજ થઈ ગઈ છે, જે અગાઉના વર્ષના $14.42 અબજ કરતા લગભગ બમણી છે. વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ 2026 માં કુલ વેપારી માલની વેપાર ખાધ વધીને $333.2 અબજ થઈ છે. જો કે ખાધ હોવા છતાં, નાણાકીય વર્ષ 2026 માં કુલ વેપાર $1.84 ટ્રિલિયનની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યો છે, જે 5.4% નો વધારો દર્શાવે છે. અલબત્ત, ઇલેક્ટ્રોનિક્સ જેવા કેટલાક ક્ષેત્રોમાં પ્રોડક્શન-લિંક્ડ ઇન્સેન્ટિવ્સ(PLI) ને કારણે વૃદ્ધિ જોવા મળી છે, પરંતુ તે આયાતમાં થઈ રહેલા એકંદર વધારાને સરભર કરવા માટે પૂરતી નથી. અમેરિકા-ઇઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધ તથા તેના પરિણામે મુખ્ય જળમાર્ગ હોર્મુઝની સામુદ્રધૂનીની નાકાબંધીને કારણે માર્ચ મહિનામાં ભારતની મર્ચેન્ડાઇઝ નિકાસ વાર્ષિક ધોરણે 7.4% ઘટીને 38.92 અબજ ડોલર થઇ છે; પશ્ચિમ એશિયાના ક્ષેત્રમાં થતા શિપમેન્ટમાં 58%નો ઘટાડો નોંધાયો છે. આ મહિનામાં આયાત પણ 6.5% ઘટીને 59.59 અબજ ડોલર થતા ભારતનો એકંદર વિદેશી વેપાર સંકુચિત થયો છે, જેના પરિણામે વેપાર ખાધ પ્રમાણમાં ઓછી એટલે કે 20.7 અબજ ડોલર રહી છે. ઓક્ટોબર 2026 પછી પ્રથમ વખત માલસામાનની નિકાસમાં ઘટાડો નોંધાયો છે, જો કે તાજેતરના મોટાભાગના મહિનાઓમાં શિપમેન્ટ ધીમું રહ્યું છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું છે કે, માર્ચમાં પશ્ચિમ એશિયામાં આપણી નિકાસમાં 3.5 અબજ ડોલરનો ઘટાડો થયો છે. સામાન્ય રીતે આ ક્ષેત્રમાં માસિક નિકાસ લગભગ 6 અબજ ડોલરની હોય છે, પરંતુ આ માર્ચમાં માત્ર 2.5 અબજ ડોલરની જ નિકાસ થઈ શકી છે. ટકાવારીની દ્રષ્ટિએ આ 57.9% નો ઘટાડો છે. તેમણે કહ્યું કે સરકારને આશા છે કે વેપારની દ્રષ્ટિએ વર્ષ 2026-2027 ઘણું સારું રહેશે. તેમણે કે, અમને આશા છે કે આજે આપણે જે પડકારોનો સામનો કરી રહ્યા છીએ તે લાંબો સમય નહીં ટકે. અમલમાં આવી રહેલા મુક્ત વેપાર કરારો (FTAs) પણ નિકાસમાં મદદરૂપ થશે.

ભારત માટે બીજા ક્રમના સૌથી મોટા બજાર એવા સંયુક્ત આરબ અમીરાત(UAE)માં માર્ચમાં નિકાસ 61.9% ઘટીને 1.29 અબજ ડોલર થઈ છે. સાઉદી અરેબિયાની નિકાસ 45.6% ઘટીને 527.8 મિલિયન ડોલર રહી છે. નિકાસની સાથે આ ક્ષેત્રમાંથી થતી આયાતમાં પણ વાર્ષિક ધોરણે 51.6% નો તીવ્ર ઘટાડો થઈને તે 8.7 અબજ ડોલર નોંધાઈ છે. દેખીતી રીતે આ અખાતી યુદ્ધની અસર જણાય છે. અમેરિકી ટેરિફ અને પશ્ચિમ એશિયામાં યુદ્ધ હોવા છતાં, 2025-26માં ભારતની કુલ નિકાસ (વસ્તુઓ અને સેવાઓ મળીને) 860 અબજ ડોલરને પાર કરી ગઈ છે, જે 4.2% ની વૃદ્ધિ દર્શાવે છે. વર્ષ 2025-26માં મર્ચેન્ડાઇઝ નિકાસ વાર્ષિક ધોરણે 0.9% વધીને 441.78 અબજ ડોલર રહી, જ્યારે સેવાઓની નિકાસ 7.9% વધીને 418.31 અબજ ડોલર થઈ છે. ગયા નાણાકીય વર્ષમાં કુલ આયાત 6.4% વધીને 979.40 અબજ ડોલર થઈ હતી, જેમાં મર્ચેન્ડાઇઝ આયાત 7.4% વધીને 774.98 અબજ ડોલર અને સેવાઓની આયાત 2.8% વધીને 204.42 અબજ ડોલર રહી હતી. માર્ચમાં એન્જિનિયરિંગ ક્ષેત્રમાં નિકાસ 1.1% વધીને 10.9 અબજ ડોલર થઈ હતી, પરંતુ તેને બાદ કરતાં અન્ય તમામ મહત્વના ક્ષેત્રોમાં ઘટાડો નોંધાયો છે. આ વર્ષે એક મહત્વની ઘટના એ બની છે કે અમેરિકાને પાછળ મૂકીને ચીન ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર બની ગયું છે. જો કે તેની સાથે પણ ભારતની વેપાર ખાધ તો પહોળી જ થઇ છે. ભારતની નિકાસો કરતા આયાત સામાન્ય રીતે વધારે જ રહે છે તે આના પરથી સમજી શકાય છે.

કોઈ અપમાન કરે ત્યારે

રસ્તા પર એક વૃધ્ધ દાદા હાથમાં થેલી લઈને શાક લેવા નીકળ્યા હતા અને બરાબર ભાવતાલ કરાવીને શાક લઇ રહ્યા હતા. દાદા એક ફળોની દુકાન પાસે ઊભા રહ્યા અને કેરીનો ભાવ પૂછ્યો... ફળવાળાએ પહેલા કઈ જવાબ ન આપ્યો...દાદાએ ફરી ફરી ભાવ પૂછ્યો એટલે ફળવાળાએ ઉડાઉ જવાબ આપ્યો, 'દાદા બહુ મોંઘી છે જાવ ૧૫ દિવસ પછી આવજો.'

દાદાએ કહ્યું, 'ભાઈ પણ ભાવ શું છે ??' ફળવાળાએ ગુસ્સામાં અપમાન કરતા કહ્યું, 'દાદા ૧૫૦૦ રૂપિયાની એક ડઝન છે હવે આગળ જાવ સમય ખોટી ન કરો તમને નહિ પોસાય...' દાદાએ કહ્યું, 'ભાઈ છ ડઝન લેવી હતો પણ હવે રહેવા દે...'

આટલું કહીને દાદા આગળ વધી ગયા ફળવાળો જોતો રહી ગયો...ત્યાં દાદી બાજુમાં ઊભેલા એક બહેન ફળવાળા પર ગુસ્સે થઇને ખીજાયા કે 'આ કઈ ઘરાક સાથે વાત કરવાની રીત છે' અને પોતે પણ આગળ વધી પેલા દાદાની સાથે થઈ ગયા.

દાદા પાસે પહોંચીને તેમણે કહ્યું, 'દાદા તમને ગુસ્સો આવ્યો હશે ને..પેલા કેરી વેચતા ફળવાળાએ તમારું અપમાન કર્યું.'

દાદા હસ્યા અને બોલ્યા, 'જો બહેન કોઈ માન ન રાખે બરાબર જવાબ ન આપે તો તેને હું અપમાન ગણતો નથી તેને હું માહિતી ગણું છું.'

બહેન બોલ્યા, 'કોઈ માન ન રાખે એમાં માહિતી શું મળે ??' દાદાએ કહ્યું, 'જો કોઈ તમારું માન ન જાળવે અને અપમાનજનક રીતે વાત કરે એટલે સમજવું કે તમારી સામે ઉભેલું તમારી સાથે વાત કરી રહેલા વ્યક્તિનું ચરિત્ર નિમ્ન કક્ષાનું છે...તેની સાથે વાત કરવામાં માલ નથી...તે બધાને પોતાનીથી ઉતરતા ગણે છે અને તે આવું કરે છે કારણ કે તેની અંદર ભારોભાર અસુરક્ષા ભરેલી છે.'

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

બહેન દાદાની વાત સાંભળી રહ્યા હતા તેમણે કહ્યું, 'દાદા, પણ તમે અપમાનનો બરાબર જવાબ કેમ ન આપ્યો.શું કામ શાંતિથી આગળ વધી ગયા મેં તો તેને બરાબરનું સંભળાવ્યું આખો દિવસ યાદ રાખશે.'

દાદા બોલ્યા, 'શું કામ બહેન તે તારી શક્તિ વેડફી ...આવા લોકો વાતચીત કરવાને લાયક હોતા જ નથી.બીજાને ઉતારી પાડી અપમાન કરતા લોકો,સારા માણસો અને આપના માણસો હોતા જ નથી તેઓ જ્યાં હોય ત્યાંથી તો એકપણ શબ્દ બોલ્યા વિના,આગળ વધીને દુર જ જતા રહેવું સારું.જ્યાં તમારું અપમાન થાય તેને આઘાત કે ઘા ના ગણો તેને ઈશારો ઘણો કે અહીંથી આ ખોટા માણસોથી દૂરની દિશામાં આગળ વધી જવું જ હિતાવહ છે.' દાદા પેલા બહેનને જીવનની સમજ આપી આગળ વધી ગયા.

મહિલા અનામત બિલ: શું હજી પણ સમય નથી આવ્યો?

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

સંસદીય જંગમાં નારીશક્તિ-વંદન અધિનિયમની હાર: કારણો અને અસરો

૧૭ એપ્રિલના રોજ લોકસભામાં મહિલા અનામત બિલ (નારીશક્તિ-વંદન અધિનિયમ) પરાજીત થયું હતું. આ બિલ પસાર કરવા માટે બે-તૃતીયાંશ બહુમતીની જરૂર હતી, પરંતુ એનડીએ લોકસભામાં માત્ર ૨૯૮ મત મેળવી શકી, જ્યારે ૨૩૦ સભ્યોએ તેનો વિરોધ કર્યો.

મોદી સરકારના ૧૨ વર્ષના શાસનમાં આ પ્રથમ ઘટના છે જ્યારે તેમના દ્વારા રજૂ કરવામાં આવેલું કોઈ બિલ સંસદમાં હારી ગયું હોય. કોઈ પણ મોટા સુધારાને પોતાની રાજકીય ઈચ્છાશક્તિથી પસાર કરવાની તેમની છબી દાવ પર હતી. વિશેષ સત્ર બોલાવીને સરકારે આ બિલ પર પૂરો દાવ લગાવ્યો હતો. આ હાર માત્ર નીતિગત નિષ્ફળતા નહોતી, પરંતુ કાયદાકીય પ્રક્રિયા પર સંપૂર્ણ નિયંત્રણ રાખતી સરકારની છબીમાં એક દુર્લભ તિરાડ હતી.

આ બિલો આ સમયે જ કેમ લાવવામાં આવ્યાં? શું તે તમિલનાડુ અને બંગાળનાં મતદારોને પ્રભાવિત કરવા માટે હતું, જ્યાં આ મહિને જ મતદાન થવાનું છે? ૨૦૨૬નું મહિલા અનામત બિલ એક 'બ્રિજ' (સેતુ) તરીકે તૈયાર કરવામાં આવ્યું હતું, જેથી મહિલા અનામતની પ્રક્રિયાને ઝડપી બનાવી શકાય. ટેક્નિકલ રીતે આ બિલ ૨૦૨૩માં પસાર થઈ ગયું હોવા છતાં કાયદાકીય ગૂંચવણોમાં અટવાયેલું છે.

વિશેષ રીતે, આ બિલના ત્રણ મુખ્ય ઉદ્દેશો હતાઃ

૨૦૨૩ના મૂળ કાયદામાં જણાવાયું હતું કે, અનામતનો અમલ નવી વસતીગણતરી અને ત્યાર બાદ સીમાંકન(મત વિસ્તારોની નવેસરથી વહેંચણી) થયા પછી જ થશે. આ પ્રક્રિયાને કારણે તેનો અમલ ૨૦૩૪ સુધી લંબાય તેવી શક્યતા છે.

આ બિલમાં ૨૦૨૯ના અમલીકરણ માટે ૨૦૧૧ની વસતી ગણતરીના ડેટાનો ઉપયોગ કરીને તાત્કાલિક સીમાંકન શરૂ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. તેનો ઉદ્દેશ લોકસભાની સંખ્યા ૫૪૩થી વધારીને ૮૫૦ બેઠકો કરવાનો હતો.

બેઠકો વધારવાથી પુરુષ સાંસદોની હાલની બેઠકો ઘટાડ્યા વગર મહિલાઓ માટે ૨૮૩ બેઠકો અનામત રાખી શકાત, જેથી રાજનીતિક વિરોધ ઓછો થાત.

મતદારક્ષેત્રની સીમા નક્કી કરવાની પ્રક્રિયાને સીમાંકન તરીકે ઓળખવામાં આવે છે. મહિલા અનામતના અમલીકરણ માટે તે એક આવશ્યક પ્રક્રિયા છે.

આ યોજના મુજબ, તમામ રાજ્યોની બેઠકોમાં એકસમાન 50 ટકાનો વધારો થશે. આનાથી દક્ષિણનાં રાજ્યોના પ્રતિનિધિત્વને કોઈ નુકસાન નહીં થાય; ઊલટું, તેમનો કુલ હિસ્સો સ્થિર રહેશે. હાલમાં લોકસભામાં દક્ષિણનાં રાજ્યોનો હિસ્સો 23.76% છે, જે જો આ બિલ પસાર થયું હોત તો વધારો 23.87% જેટલો થયો હોત.

ચર્ચા દરમિયાન, ગૃહમંત્રી અમિત શાહે મૌખિક ખાતરી આપી હતી કે, 816 સભ્યોની લોકસભામાં દક્ષિણનાં રાજ્યોની હાજરી તેમના વર્તમાન હિસ્સા જેટલી જ રહેશે. તેમણે તો ત્યાં સુધી પ્રસ્તાવ મૂક્યો હતો કે જો જરૂર જણાય તો ગૃહની કાર્યવાહી એક કલાક માટે રોકીને, બિલમાં '50% સમાન વધારા'નો સત્તાવાર સુધારો કરીને તેને ફરીથી તૈયાર કરી શકાય.

જો કે, વિપક્ષે આ વાત ફગાવી દીધી હતી. મુખ્ય પ્રશ્ન એ હતો કેઃ જો આશય હંમેશાં પ્રમાણસર વધારાનો જ હતો, તો બિલમાં તેનો ઉલ્લેખ કેમ નહોતો? રજૂ કરાયેલા બિલમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું હતું કે,બેઠકોનું સીમાંકન છેલ્લી વસતીગણતરી (અત્યારે 2011)ના આધારે થશે.

બીજું એ કે, જ્યારે ૨૦૨૬-૨૭ની વસતીગણતરી હજી ચાલી રહી છે, ત્યારે વિવાદાસ્પદ બંધારણીય સુધારો પસાર કરવાની આટલી ઉતાવળ કેમ? વળી, મહિલા અનામત - જેના પર તમામ પક્ષોની સર્વસંમતિ છે - તેને આ રીતે સીમાંકન સાથે જોડવાનું કોઈ કારણ નહોતું.

વિપક્ષે કહ્યું કે, આ અભિગમ શંકા વગર વિપક્ષને મૂંઝવવા અને વિભાજીત કરવાના હેતુથી લેવામાં આવ્યો હતો, જેણે સંસદીય પ્રક્રિયાની મજાક ઉડાવી હતી.

સરકારે દલીલ કરી હતી કે, અનામત લાગુ કરવા માટે બેઠકોનું સીમાંકન જરૂરી છે એમાં કોઈ શંકા નથી. તે એક વ્યાપક અને પરામર્શવાળી પ્રક્રિયા છે જેમાં લગભગ ૨ વર્ષનો સમય લાગે છે. તેથી, મહિલા અનામત લાગુ કરવા માટે જ સંસદમાં આ બિલો રજૂ કરવામાં આવ્યાં હતાં.

પછી પ્રશ્ન એ થયો કે, જ્યારે તાત્કાલિક અમલીકરણ શક્ય નહોતું, તો પછી ૨૦૨૩માં મહિલા અનામત બિલ કેમ પસાર કરવામાં આવ્યું?

ઘણાં લોકો દલીલ કરે છે કે,જો સરકારે માત્ર ધારાસભાઓમાં બેઠકોની સંખ્યા વધારવાનો પ્રસ્તાવ મૂક્યો હોત અને એવી ખાતરી આપી હોત કે વધારાની બેઠકો સમાવવા માટે સીમાંકન માત્ર રાજ્યોની અંદર જ કરવામાં આવશે તો કદાચ વિપક્ષ અને દક્ષિણનાં રાજ્યો આ પગલા માટે સહમત થયાં હોત.

પરંતુ એ પણ સાચું છે કે, વર્ષોથી રાજકીય પક્ષો મહિલા અનામત અંગેની પોતાની પ્રતિબદ્ધતાઓ ટાળવા માટે બહાનાં શોધતાં રહ્યાં છે.

આ વર્ષની હાર એ કોઈ એકલદોકલ ઘટના નથી; તે ૩૦ વર્ષના સંઘર્ષમાં લેટેસ્ટ આંચકો છે. ૧૯૯૬માં તેની રજૂઆત થઈ ત્યારથી, ૨૦૨૩માં આખરે કાયદો બનતાં પહેલાં મહિલા અનામત બિલ છ વખત નિષ્ફળ ગયું હતું.

ચોક્કસપણે, તમામ પક્ષોના પુરુષ સાંસદોનો પણ છૂપો વિરોધ હતો, જેમને ૩૩ ટકા અનામતને કારણે થનારા મતવિસ્તારોના મોટા પાયે "રોટેશન" (ફેરબદલ)ને લીધે પોતાની બેઠકો ગુમાવવાનો ડર હતો.

૨૦૨૩ સુધી, એવી કોઈ ક્ષણ નહોતી જ્યારે શાસક પક્ષ અને મુખ્ય વિરોધ પક્ષો ટેક્નિકલ વિગતો પર એકમત હોય.

એ વાત સ્પષ્ટ છે કે,આ બિલની હારનું મુખ્ય કારણ તેને નવી સીમાંકન પ્રક્રિયા સાથે જોડવામાં આવ્યું તે હતું.

અંતે, વિપક્ષે એ વાત પર ભાર મૂક્યો હતો કે,મહિલા અનામત એ સમગ્ર સંસદીય માળખાને બદલી નાખવાનું સાધન હોવાને બદલે એક સ્વતંત્ર પ્રક્રિયા હોવી જોઈએ. તેમણે નોંધ્યું કે ૨૦૧૧ની વસ્તી ગણતરીના ડેટાનો ઉપયોગ કરવાના પ્રસ્તાવથી વિશ્વાસ જાગ્યો નથી.

સુધારાની હાર છતાં, મૂળ 'બંધારણ (૧૦૬મો સુધારો) અધિનિયમ, ૨૦૨૩' હજુ પણ કાયદો છે. હવે હારી ગયેલા ૨૦૨૬ના સુધારા વિના, મહિલા અનામતનું અમલીકરણ મૂળ સમયરેખા પર પાછું જાય તેવી શક્યતા છે, જે નિષ્ણાતોના મતે ૨૦૩૪ની ચૂંટણી સુધી શક્ય ન પણ હોય. દરેક જણ કહે છે કે મહિલા અનામત એ એક શક્તિશાળી વિચાર છે જેનો સમય આવી ગયો છે,પરંતુ જ્યાં સુધી સરકાર અને વિપક્ષ એકબીજા પર ભરોસો કરશે નહીં ત્યાં સુધી તે હાંસલ કરી શકાશે નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

કોયલનો ટહુકો

મનુષ્ય પ્રકૃતિપ્રેમી છે અને કુદરતને માણવી એક અનેરો અનુભવ છે. હમણાં તો સવારમાં એટલે કે વહેલી સવારે કોયલનો ટહુકો સાંભળવા મળે છે. જો કે બિચારી કોયલને શું કહેવું? એ કોને કહેવા જાય? વાવાઝોડાએ આંબા પરના મોર પણ ખેરવી પાડ્યા, સાથે કેરીઓ પણ ઝુડાઈ ગઈ. ભરઉનાળે માવઠાં થયા કરે પછી ઝાડ પરનાં ફળ શી રીતે બચી શકે? છતાં કોયલરાણી તો ટહુક્યા જ કરે છે. ટહુકા કરવાનું કામ એ સારી રીતે જાણે છે અને એનો મીઠો ટહુકો આપણને સંભળાવી આપણી સવાર સૂરમયી બનાવી દે છે. કોયલના ટહુકા તમે ક્યારેક એકચિત્તે સાંભળ્યા છે? ન સાંભળ્યા હોય તો કોયલ જ્યારે ટહુકે ત્યારે ધ્યાન દઈને શાંતિથી આંખ બંધ કરીને સાંભળજો. ખૂબ મજા આવશે. ક્યારેક આપણા ઘર-આંગણાનાં પક્ષીઓ પણ આપણને આનંદ આપતાં હોય છે.

સુરત - શીલા સુભાષ ભટ્ટ

'121' ફોર્મ ક્યારે આવશે?

એપ્રિલ મહિનામાં બેંકોમાં ગ્રાહકોએ મૂકેલી ફિક્સ ડીપોઝીટ અંગે 15 (જી) અને 15 (એચ) ફોર્મ ભરવાનાં હોય છે. આ કાર્ય માટે હું આજે તા. 20-04-2026ના રોજ સુરતની ડિ. બેંકની ચોક બજાર શાખામાં ગઈ તો મને કહેવામાં આવ્યું કે હજી ફોર્મ આવ્યાં જ નથી. આવશે એટલે તમને ફોન કરીને જણાવીશું. કહેવાનું તાત્પર્ય એ કે આજે વીસ તારીખ થઈ છતાં ફોર્મ પ્રાપ્ય નથી તો તે ક્યારે મળશે? ધારો કે હવે પછી ફોર્મ આવે તો પણ શું છેલ્લા આઠ દસ દિવસમાં એ કાર્ય બેંક સંપન્ન કરી શકશે? અશક્ય લાગે છે. જેમણે આ ફોર્મ અંગે અમલ કરવા જણાવ્યું છે તે અધિકારીઓ સ્પષ્ટતા કરે તે જરૂરી છે. ડિ. બેંક ચોકબજાર શાખાનાં કર્મચારી ભાઈ-બહેનો સૌને મદદરૂપ થાય છે. હું પણ બેંકમાં ગઈ ત્યારે એક બહેને મને કહ્યું કે બહેન, ''આ તાપમાં તમે ફરી ધક્કો નહિ ખાતાં. ફોર્મ આવશે એટલે અમે તમને જણાવીશું''. બેંકનાં કર્મચારીઓ આવો સંવેદનાપૂર્ણ સહકાર આપે તો તમામ બેંકોની તમામ કામગીરી સરળ બની જાય.

સુરત - શિવપ્રિયા શુકલ

ફોર્મ '121' અંગે સ્પષ્ટતા થાય તે જરૂરી

આજે સુરતની ચોકબજાર શાખા એસ.બી.આઈ.માં હું 15(એચ) ફોર્મ ભરવા ગયો. આ ફોર્મને બદલે જાહેર કરેલા '121' ફોર્મ મને આપવામાં આવ્યું. નામ, ઠામ, ફોન નંબર તો ભર્યા પણ બાકીની વિગતો માટે ખૂબ જ અસ્પષ્ટતા રહી. ફોર્મમાં અન્ય વિગતો લખેલી હતી. પણ તે કંઈ સમજાતી નહોતી. ફરજ પરનાં સન્નારીને પણ કોઈ સમજ નહોતી. હું મારી તમામ એફ.ડી.ની રસીદો લઈને ગયો હતો. મને કહે, તમારી આવક લખો. હવે અન્ય બે બેંકોમાં પણ એફ.ડી. હોય તો એ બધી ગણતરી કરવાનું સામાન્ય ગ્રાહકનું ગજું નથી. એટલે આ ફોર્મનો અમલ કરનાર અધિકારીઓ પહેલાં કર્મચારીઓને સમજાવે. એટલું જ નહીં ગ્રાહકોને પણ સરળતાથી સમજાવે એ જરૂરી છે. મને એમ પણ કહેવામાં આવ્યું કે આ હકીકત ટેક્ષને લગતી છે. બેંક માટે નથી. એ જે હોય તે, પણ આ નવી પ્રથા અંગે બેંકો ગ્રાહકોને સરળતાથી સમજાય તેવો અભિગમ દાખવે તે જરૂરી છે.

સુરત - તપન ત્રિવેદી

હોર્મુઝ સામુદ્રધુની ખોલાવવી જ જોઈએ

એક મહિનાથી પણ વધુ સમયથી ઈઝરાયેલ અને અમેરિકા સાથે મળીને ઈરાન ઉપર હુમલાઓ કરી રહ્યા છે. તો વળતો પ્રહાર કરીને ઈરાન, ઈઝરાયેલ ઉપર મિસાઈલ વર્ષા કરી રહ્યું છે. એટલુ જ નહિ બહેરીન, કુવેત, અબુધાબી, દુબઈ તથા દોહા-કતાર જેવા રાષ્ટ્રોની ભૂમિ ઉપર આવેલા અમેરિકી લશ્કરી થાણાંઓ ઉપર પણ ઈરાન મિસાઈલ હુમલા કરી રહ્યું છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ઉલટ પુલટ બયાનોથી યુધ્ધની પરિસ્થિતિ વધુ ગુંચવાતી જાય છે. આ યુધ્ધના ખેલ દરમ્યાન ઈરાને હોર્મુઝ સામુદ્રધૂનીમાંથી પસાર થતા જહાજો ઉપર પાબંદી લગાવી દીધી છે. પરિણામે દુનિયાનો 20 થી 30 ટકા વ્યાપાર અટકી પડયો છે. ખાસ કરીને પેટ્રોલિયમ પેદાશોની ખોટ, બધા જ રાષ્ટ્રો સહન કરી રહ્યા છે. હોર્મુઝ ખાડી ઉપરનું ઈરાનનું નિયંત્રણ ઝડપથી દૂર થાય એ માટે નાટો દેશો, બ્રીક્સ દેશો, યુએઈ દેશો તથા સાર્ક દેશોએ ભેગા મળીને ઈરાન ઉપર કોઈ પણ ભોગે દબાણ લાદવું જોઈએ. જો કે હેમણાં દુનિયાના 35 દેશો સાથે ભારત પણ જોડાશે અને હોર્મુઝ ખાડી ખોલવા બાબતે ઈરાન ઉપર પ્રેસર લાવશે. ટૂંકમાં હોર્મુઝ સામુદ્રધૂની ઈરાનની પકડમાંથી મુક્ત થવી જ જોઈએ. જેથી દરિયાઈ વેપાર ચાલુ રહે.

સુરત - બાબુભાઈ નાઈ

ડિજિટલ યુગમાં પુસ્તકોનું ઘટતું જતું મહત્વ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 23 મી એપ્રિલના દિવસને વિશ્વ પુસ્તક દિન તરીકે ઉજવવામાં આવે છે. કેટલાક વિદ્વાનો દ્વારા એવી ચિંતા કરવામાં આવી રહી છે કે એકવીસમી ટેકનોલોજીની આ સદીમાં પરંપરાગત પુસ્તક વાંચનનું મહત્વ ઝડપથી ઘટતું જાય છે. આજના ડિજિટલ યુગમાં ખાસ કરીને યુવાનોમાં ઈ- બુક્સ અને ઓડિયો બુકસ વાંચવાનું મહત્વ ઝડપથી વધતું જાય છે. વડીલોને રાત્રે સુતા પહેલા પુસ્તક વાંચવાની સારી ટેવ હતી. યુવા પેઢી પર સ્માર્ટફોન અને સોશિયલ મીડિયાએ એવો કબજો મેળવ્યો છે કે રાત્રે મોબાઈલ જોયા વિના એને ઊંઘ નથી આવતી અને સવારે ઉઠતા સૌથી પહેલા મોબાઈલના સહારે જાય છે. પરિણામે એમને જોઈતી માહિતી માટે પુસ્તકના પાનાઓ ફેરવવાને બદલે ગૂગલ સર્ચ કરીને બધી માહિતી મેળવી લે છે. વર્તમાન ડિજિટલ યુગમાં લોકોની વાંચનની આદતમાં જબરદસ્ત પરિવર્તન આવ્યું છે. ખાસ કરીને યુવા પેઢી સ્ક્રીન પર વાંચવાનું વધુ પસંદ કરે છે કારણ કે એ એમને સહજ રીતે ઉપલબ્ધ હોય છે. એક સર્વે એવું કહે છે કે ઈ-બુક અને ઓડિયો બુકનું માર્કેટ ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. યુવા વર્ગ પુસ્તક વાંચન બિલકુલ નથી કરતું એવું પણ નથી પરંતુ એઓ છપાયેલા પુસ્તકોને બદલે સ્માર્ટ ફોન અને ઓડિયો બુકને વધુ પસંદ કરે છે. પુસ્તકનું પરંપરાગત અને ડિજિટલ વાંચન એ પરસ્પર વિરોધી નથી પરંતુ બંને એકમેકના પૂરક બનવા જોઈએ. લોકો વાંચે એ વધારે અગત્યનું છે કારણ કે માનસિક સ્વાસ્થ્ય માટે અને નવું નવું શીખવા માટે વાંચન અતિ આવશ્યક જ નહીં અનિવાર્ય પણ છે.

નવસારી - ડૉ. જે. એમ. નાયક

કડવા અનુભવો: અત્યંત કથળેલો કારભાર

પહેલાં મારું ખાતું દેના બેંકમાં હતું પણ દેના બેંકનું મર્જર બેંક ઑફ બરોડામાં થતાં હવે બેંક ઑફ બરોડામાં છે. તા.31 માર્ચ ગઈ એટલે સ્વાભાવિક છે કે આઈ. ટી. રીટર્ન ફાઈલ કરવા પાસબુકની એન્ટ્રી જોવી પડે.એટલે પાસબુક પ્રિન્ટ કરવા માટે એપ્રિલની ત્રીજી તારીખે હું મારા ઘરની નજીકની બેંક ઑફ બરોડાની નાનપુરા શાખામાં ગયો તો પાસબુક પ્રિન્ટિંગ મશીન બંધ હતું. શાખા નજીક હોવાથી બીજે દિવસે હું પાછો ગયો તો પાસબુક પ્રિન્ટિંગ મશીન ચાલુ હતું પણ પાસબુક પ્રિન્ટ થયા વગર પાછી બહાર આવી ગઈ. રજાનો દિવસ હોવાથી ફરિયાદ પણ કેવી રીતે કરવી? મારા અગાઉના બેંક ઑફ બરોડા અથવા ગેટ શાખાના સારા અનુભવોને ધ્યાનમાં રાખીને હું રિક્ષા કરીને ત્યાં ગયો. ત્યાં મારી આગળ એક ભાઈ ત્રણ પાસબુક લઈને ઊભા હતા. તેમની પહેલી પાસબુક પ્રિન્ટ થઈને બહાર આવી ગઈ પણ બીજી પાસબુક બહાર આવી જ નહીં, મશીનની અંદર ફસાઈ ગઈ. ઉપર જણાવ્યું તેમ રજાનો દિવસ હોવાથી કંઈ થઈ શકે તેમ નહોતું.

પેલા ભાઈ બોલતા હતા કે હું દૂરથી આવું છું,નાનપુરા શાખા થઈને અહીં આવ્યો તો અહીં પણ એ જ હાલત. હજુ સુધી નાનપુરા શાખાનું પાસબુક પ્રિન્ટિંગ મશીન ચાલુ થયું નથી. આવા કડવા અનુભવો થયા પછી એવા વિચારો આવે છે કે બેંક ઑફ બરોડાની ગ્રાહક સેવા સુધરશે ખરી કે નહીં? કે પછી તમને અમારી સેવા ન ફાવતી હોય તો બીજી બેંકમાં ખાતું ખોલાવો એવો અભિગમ છે.મારું તો સ્ટાફ પેન્શન ત્યાં જમા થતું હોય, હું તો તેવું પણ વિચારી શકું નહીં. મારી ઉંમર 75 વર્ષ કરતાં વધારે છે અને એક જ કામ માટે અનેક ધક્કા ખાવા પડે તે કેટલું વ્યાજબી છે તે BOB ના સત્તાધીશોએ નક્કી કરવું રહ્યું.

સુરત - સુરેન્દ્ર દલાલ

કલ્પસર : વિકાસના નામે સૌરાષ્ટ્રની કોણીએ ગોળ

અવારનવાર

ડૉ.નાનક ભટ્ટ

સરદાર સરોવર નર્મદા બંધ યોજના પછી ગુજરાતની બીજી મહત્ત્વાકાંક્ષી યોજનામાં બીજાં કોઈ રાજ્યોની જમીન ડુબમાં જતી નથી

સૌરાષ્ટ્રના મુખ્ય છ જિલ્લાઓના કલ્યાણ હેતુ માટે વર્ષ ૧૯૬૨ માં સાંસદ ભોગીલાલ શાહે રજૂ કરેલા પ્રસ્તાવમાં ખંભાતના અખાતના બે છેડા ભાવનગર અને દહેજ વચ્ચે લંબાઈમાં ૩૦ કિલોમીટર પહોળાઈમાં ૧૦૦ મીટર અને ઊંચાઈમાં ૫૧ ફૂટનો બંધ તૈયાર કરવા દરખાસ્ત મૂકવામાં આવી. આજથી ૫૩ વર્ષ પહેલાં મુકાયેલ સૈદ્ધાંતિક મુસદ્દામાં જણાવ્યું કે અંદાજિત ૧૫૭.૦૦૦ કરોડના ખર્ચથી તૈયાર થનાર આડબંધથી સાબરમતી, ઢાઢર અને મહી જેવી બારમાસી નદી તથા કાળુભાર અને રંઘોળી નદીમાં વહેતું સોમાયું પાણી દરિયામાં ઠલવાતું અટકશે. આગામી ૩૫૦ થી ૪૦૦ વર્ષ માટે ૨૪૦૦ ચોરસ કિલોમીટર માં વાર્ષિક ૧૦,૦૦૦ ઘન મીટર જળ રાશિનો સંગ્રહ થતાં સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, જૂનાગઢ, જામનગર, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાની ૧૧ લાખ હેક્ટર કૃષિ જમીન માટે મીઠું પાણી ઉપલબ્ધ થશે. ગુજરાતના આંગણે સેટેલાઈટથી ઓળખી શકાય તેવું વિશાળ કલ્પસર થકી સૌરાષ્ટ્રની ખડકાળ જમીન (બેસાલ્ટ રોક) ઉપર ૫૦૦૦ ક્યુસેક મીટર વહન કરતી ૩૫૦ થી ૪૦૦ કિલોમીટરની કેનાલ નેટવર્કથી ૧૦ લાખ હેક્ટર જમીનમાં સરેરાશ ૨૦ થી ૩૦ સેન્ટીમીટર (આઠથી દસ પાણ) પાણી ઉપલબ્ધ થશે અને વિસ્તારની કુલ કૃષિ ભૂમિનો ૪૬ ટકા વિસ્તાર સિંચાઈથી લાભાન્વિત થશે.

સરદાર સરોવર નર્મદા બંધ યોજના પછી ગુજરાતની બીજી મહત્ત્વાકાંક્ષી યોજનામાં બીજાં કોઈ રાજ્યોની જમીન ડુબમાં જતી નથી. આથી આંતર રાજ્ય હિતોના ટકરાવ કે વિશ્વ બેંકની દખલ રહેવાની નથી. તેમ માનવીય પુનર્વસનની વિશેષ ટ્રિબ્યુનલ જવાબદારીથી નિવારણ મળે છે. આ વાતને કલ્પસરના માધ્યમ થકી રજૂ કરતાં પર્યાવરણવિદ્ શ્રી વિનુભાઈ ગાંધી, સ્વામી માર્ગ્યસ્મિત અને સાથી વૃંદ થકી લખાયેલ પુસ્તિકા "સમસ્ત ગુજરાતનાં સંતુલિત વિકાસ માટેના સ્રોત કલ્પસર સરોવર" (મે-૨૦૨૪) માં દર્દભર્યું નિવેદન પ્રશ્ન તરીકે રજૂ કરાય છે. કે "ભારતીય સંસ્કૃતિમાં કિંમત કરતાં મૂલ્યને વિશેષ મહત્ત્વ આપતું રહ્યું છે. ત્યારે વિકસિત રહેવાની હરોળમાં દેશ કોમન વેલ્થ રમતોત્સવ અને મેટ્રોમાં પ્રામાણિક ટેક્સ પેયરના નાણાં ફાળવી શકે તો પેઢી દર પેઢી જીવનદાયી વિકાસ માટે શા માટે રોકાણ નહીં!"

જો કે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનર શિપના ખ્યાલ તરીકે મુકાયેલ દરખાસ્તની નોંધ ગુજરાત સરકાર કે પછી ભારત સરકારે ગંભીરતાથી લીધી નથી. આથી કલ્પસર અંગે ફેઝીબીલીટી રિપોર્ટ તૈયાર કરવા ૨૪ વર્ષ પહેલાં (૧૧-૯-૨૦૦૨) નરેન્દ્રભાઈએ રૂ.૮૪ કરોડ મંજૂર કરેલા તે પછી ૨૦૧૮ માં બીજા ૧૪.૮ કરોડની ફાળવણી કરાઈ છે. પરંતુ સૌરાષ્ટ્રની લાગણીશીલ પ્રજાની માતબર માંગણીને જીવદયા તરીકે પણ ગ્રાહ્ય ન રખાતા અંતે કલ્પસર પોલિટિકલ હેંગોવરની સ્થિતિમાં કાગળ ઉપર જોવા મળે છે.

રાષ્ટ્રની બંધારણીય ન્યાયિક વ્યવસ્થા પણ તમામ યોજનાઓમાં માનવ અને પર્યાવરણની સલામતી માટેનાં ધોરણો જળવાય તેવો આગ્રહ હોઈ કલ્પસર યોજનાનો પારદર્શી ડી. પી. આર. સરકાર આમ જનતા સામે મૂકે તે અનિવાર્ય બને છે. આ સંદર્ભમાં પણ કલ્પસર માટે આશાવાદી જૂથે વિચારવું રહ્યું કે

(૧) માત્ર સૌરાષ્ટ્ર માટેની કલ્પસર યોજનાના જંગી ખર્ચ અને ગુજરાતની હાલની ખેડૂત વસ્તી જોતાં એક વ્યક્તિના ભાગે લગભગ રૂ. ૬૦,૩૮૫ નો ખર્ચ થાય ત્યારે પ્રશ્ન રહે કે સૌરાષ્ટ્રના ૨૬ થી ૨૭ લાખ ખાતેદાર ખેડૂતો માટે ૭ કરોડ પ્રજા પોતાની કમાણીમાંથી ખર્ચ કરે?

(૨) ખંભાતના અખાતમાં જ્યાં ૩૪૮ મીટર સીલટિંગ છે તેના ઉપર ૪.૭ કરોડ ઘન મીટર માટી અને ૧૨ કરોડ ઘન મીટર જેટલું ડ્રેજિંગ-ફિલિંગ માટે .૪ કરોડ ઘન મીટર રેતી અને ૨૦.૪ કરોડ ઘનમીટર પત્થરનું ડેડ-વેઈટ ઉપરાંત ડેમ ઉપર તૈયાર થનાર રસ્તા ઉપર પ્રતિદિન ૬૦ થી ૭૦ હજાર હેવી વ્હેહિકલનું થ્રસ્ટ, કાંપ પુરાણની ભીની માટી જીલી શકાશે?

(૩) વન અને પર્યાવરણ સંરક્ષણ માટે યુનો સાથે વિશ્વના લોકશાહી દેશોની સમજૂતી અનુસાર ખંભાતના અખાતની ૧૭૨ હેક્ટર વન્ય જમીન ઉપર તળાવ કરવા માટે ગુજરાતની વિધાનસભાએ લોકસભા અને રાજ્યસભાની મંજૂરી મેળવવી ઘટે.

(૪) ખંભાતના અખાતમાં એકત્ર પાણી દરિયાની સપાટીથી પણ નીચે -૦ લેવલ ઉપર એકત્ર થાય છે. ત્યારે આ પાણીને ૪ થી ૫ મીટર ઊંચાઈની કેનાલમાં વહેવડાવવા માટે જરૂરી પાવર અને વિશાળ ઓઈલ પંપની ટેકનોલોજી અને ખર્ચનું વ્યવસ્થાપન કેવી રીતે થશે?

(૫) ખંભાતના અખાતમાં દહેજ અને વડોદરા પેટ્રોકેમિકલ્સનું એફલયુઅંટ, ખાતર અને કાપડ ડાઈંગ તેમજ અમદાવાદના ફાર્માશુટીકલ્સનો કચરો ઠલવાય છે. દેશના ઈન્ડસ્ટ્રીયલ હબ જેવા અંકલેશ્વર, ભરૂચ અને વટવા ઈન્ડસ્ટ્રીયલ ઝોનના વેસ્ટ ઉપરાંત અલંગના ઓઈલ વેસ્ટના લીધે અખાતની જૈવિક વિવિધતા અને માછીમારીના પ્રશ્નો આજે પણ ઊભા છે ત્યારે અખાતમાં કૃષિ માટે જળસંગ્રહ અને તેની કૃષિલાયક ગુણવત્તા પ્રશ્ન બને છે!!! સ-વિશેષ ઈન્ડસ્ટ્રીયલ એફયુઅંટનો દરિયાના ઊંડાણ સુધી પાઈપ લાઈન દ્વારા નિકાલ બીજો એક ડેમ બનાવવા જેટલું ખર્ચાળ બનશે?

(૬) ક્ષારયુક્ત ખંભાતની ખાડીમાં જૂનથી ઓગસ્ટ માસમાં પ્રાકૃતિક રીતે સંગ્રહિત વરસાદી પાણી નવેમ્બર ડિસેમ્બરમાં આજે પણ કડવું ખારું બની જાય છે. કલ્પસર બનતાં અખાતનો ક્ષાર સંગ્રહિત પાણી ઉપર પથરાશે તેમ પેટાળનો ક્ષાર રાસાયણિક રીતે ઉપર આવતા રોકી શકાય તેમ નથી ત્યારે કલ્પસરમાં સંગ્રહિત પાણીમાં વધતાં પી. એચનું પાણી પછીથી કૃષિલાયક રહેશે?

ગાંધીસરની મૂળ કલ્પનાને ખાંભાત વિકાસની પરિયોજના તરીકે જોનાર નર્મદા જળસંપતિ વિભાગના તા.૪ એપ્રિલ ૨૦૧૧ ના પરિપત્રમાં ઉપ-સચિવે સ્પષ્ટતા કરી છે, મૂળ યોજનામાંથી ટાઈડલ પાવર સ્ટેશન માટેનું પ્રાવધાન, તેમ સરદાર સરોવરનું વધારાનું પાણી ભાડાભૂત બેરેજમાંજ રાખવાની સ્પષ્ટતા પછી પણ ડેમ કોરિડોર ની પથ રૂપરેખા અંગેની ચેન્નાઈ બેઠક (૨૮ નવેમ્બર ૨૦૧૦) પછી ૧૬ વર્ષ વિત્યા છે છતાં કલ્પસર યોજનાની અમલવારી માટે ડી.પી. આર. તો તૈયાર નથી પણ ખંભાતના ઉપરવાસે એરપોર્ટ બંદર અને ઉદ્યોગોનું જંગી રોકાણ સાકાર બની રહ્યાનું જોવા મળે છે ત્યારે સૌરાષ્ટ્રના રાજકીય નેતૃત્વએ કલ્પસર નામે પોલિટિકલ હેંગોવરમાંથી પ્રજાને મુક્ત કરવી રહી અને પ્રજાએ પણ વાસ્તવ દર્શનથી દિવાસ્વપ્ન છોડવું રહ્યું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.